કૉલેજના વિદ્યાર્થીએ અદ્‌ભુત કાર બનાવી

મહેસાણાની મેવડ ગામ પાસે આવેલી સરકારી પાવર એજીન્યરીંગ કોલેજ ખાતે આજે કોલેજના ભણતા વિદ્યાર્થીઓ માટે એક દિવસીય પ્રોજેક્ટ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેસાણા જિલ્લાની તમામ એજીન્યરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જ્યારે અવનવા પ્રોજેક્ટો થકી વિદ્યાર્થીઓએ આકર્ષણ જમાવ્યું હતું. જ્યારે આ પ્રોજેક્ટોને જોવા માટે ખાસ કંપનીના

અધિકારીઓને બોલાવીને પ્લેસમેન્ટ માટે મદદ પણ કરવામાં આવી હતી.

મહેસાણાના મેવડ પાસે આવેલા પાવર એજીન્યરીંગ કોલેજ ખાતે આજે એક દિવસીય સેમીનારનું આયોજન કારવા માં આવ્યું હતું જેમાં મહેસાણા જિલ્લાની ૫૮ જુદી કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લઈને પોતાની કોઠા સુજથી પોતાના પ્રોજેક્ટ બનાવ્યા હતા. જેમાં સોલારથી બનાવેલ પ્રોજેક્ટ મેગ્નેટ ડિસ્ક અને ખેડૂતો માટેની સિચનથી લઈને પ્રત્યારોપણ મશીનોની મદદથી કારવામાં આવે તેવા પ્રયાશ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યા હતા જ્યારે આ પ્રોજેક્ટ માં સોલાર સહિત કાર અને કમ્પ્યુટર અંગે ના સોફ્ટેવેર રજુ કારવા માં આવ્યા હતા ડો શ્રીકાંત વાઘ પ્રિન્સીપાલ એ જણાવ્યું હતું. એજીન્યરીંગ કોલેજ ના વિદ્યાર્થી ઓં દ્વારા બનવા માં આવેલી કાર એ ભારે આકર્ષણ જમાવ્યું હતું. જેમાં આ કાર બનાવતા વિદ્યાર્થી ઓં ને ૩ માસ નો સમય લાગ્યો હતો તે કારે ભારે આકર્ષણ જમાવ્યું હતું. જે કાર સમાન્ય વ્યક્તિ ચાલવી શકે છે અને ૨૫ ની એવરેજ આપતી આ કાર ને મોદિફાઇડ કરી ને જુદા જુદા પ્રોજેક્ટ માં મુકવા માં આવી છે જે કાદવ કીચડ વાળા રસ્તા થી લી ને મનાતી અને રેતાળ રણ માં પણ ચાલી શકે છે જ્યારે આ કાર પતરાળ વિસ્તાર માં વિના પલટી મારી ને ચાલતી જોઈ ને દરેક વ્યક્તિ મોઢા માં આગળી નાખી દે છે જેને ચલાવી એક નાના બાળક નો કેહ્વ છે અને તે ઓલ્ડ ઈઝ ગોલ્ડ એટલે કે ભંગાર માંથી જુદા જુદા પાર્ટ્સ ને આકિત્રત કરી ને બનાવા માં આવી હતી ... તેમ મેઘ શાહ વિદ્યાર્થી એ જણાવ્યું હતું ...એક તરફ આજે એકવીસ મી સદી માં બાળકો કદમ થી કદમ મિલાવી શકે તેવા પ્રયાસ આ કોલેજ દ્વારા કારવા માં આવ્યા છે જ્યારે રહી જતું હોય તેમ આ પ્જેક્ત ની પસંદગી બાદ તેમણે ઇનામ અને સરતી થી નવાજવા માં તો આવશે જ્યારે ફાયનલ એક્ષામ બાદ તેમણે કોલેજ માંથી પ્લેસમેન્ટ સાથે નોકરી પણ મળી જશે તેવા એધાણ વરતાઈ રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં વિપક્ષ દ્વારા બજેટની હોળી

વિપક્ષની ગેરહાજરીમાં રૂપિયા ૮૬૨.૬૬ કરોડનું બજેટ ગણતરીની મીનીટોમાં મંજુર કરાયુ : બજેટમાં ૨.૫૦ કરોડની પુરાંત દર્શાવાઈ

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૧૯નું બજેટ તથા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નું સુધારેલુ અંદાજ પત્ર મંગળવારે જિલ્લા પંચાયતમાં મળેલી સામાન્ય સભામાં રજુ કરાતાની સાથે જ વિપક્ષે આ બજેટથી જિલ્લાની પ્રજાને કોઈ જ ફાયદો થશે નહિ તેમ જણાવી સામાન્ય સભાની કાર્યવાહીનો બહિષ્કાર કરી સભાખંડમાંથી બહાર નિકળી બજેટની હોળી કરી વિરોધ દર્શાવ્યો હતો.

આ અંગે જિલ્લા પંચાયતના વિપક્ષના નેતા મહેન્દ્રસિંહ રહેવર તથા સભ્ય ગણપતભાઈ પટેલના જણાવાયા મુજબ જિલ્લા પંચાયતમાં સત્તાધારી કોંગ્રેસ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા રૂ. ૮૬૨.૬૬ કરોડનું બજેટથી પ્રજાને કોઈ જ ફાયદો થવાનો નથી. કારણ કે અંતરીયાળ વિસ્તારો માટે બજેટમાં જે રકમની જોગવાઈ કરી છે તે ખુબજ ઓછી છે.

તો બીજી તરફ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવતના અધ્યક્ષ સ્થાને મળેલી બજેટ બેઠકમાં જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૮-૧૯માં જિલ્લા પંચાયતની કુલ આવક રૂ. ૮૬૫.૧૬ કરોડ અંદાજવામાં આવી છે. જે પૈકી રૂ. ૧૦.૦૯ કરોડ સ્વભંડોળ તથા રૂ. ૮૪૧.૨૩ કરોડ સરકારની વિવિધ યોજનાઓની ગ્રાન્ટમાંથી મળશે. આ આવકમાંથી જિલ્લા પંચાયત દ્વારા વર્ષ દરમ્યાન ૮૬૨.૬૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જેમાં રૂ. ૭.૫૯ કરોડ સ્વભંડોળમાંથી વપરાશે.

જેના કારણે જિલ્લા પંચાયતના સ્વભંડોળમાં રૂ. ૨.૫૦ કરોડની બચત થશે જે આગામી બજેટમાં પુરાંત તરીકે દર્શાવાશે. જિલ્લા પંચાયત દ્વારા રજુ કરાયેલા બજેટમાં અંતરિયાળ વિસ્તાર માટે માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે રૂ. ૯૯૬૪.૮૦ લાખની જોગવાઈ પંચાયત અને વિકાસ શાખા દ્વારા કરવામાં આવી છે. જોકે આ જોગવાઈઓમાં જિલ્લા પંચાયતના સદસ્યોની દરખાસ્ત મુજબ વિવિધ કામો માટે રૂ. ૧.૨૬ કરોડનો સમાવેશ થાય છે.

જિલ્લાના છેવાડાના વિસ્તારના બાળોકમાં શિક્ષણનું સ્તર સુધરે અને તેમના વિકાસ માટે રૂ. ૨૦.૮૦ લાખ સ્વભંડોળમાંથી ફાળવવામાં આવ્યા છે. ઉપરાંત આરોગ્ય, કુટુંબ કલ્યાણ, પશુપાલન, નબળા વર્ગોના વિકાસ માટે પણ સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળે તે માટે બજેટમાં સરકારી ગ્રાન્ટમાંથી મળનારી આવક ફાળવવામાં આવી છે.

કરોડોનું બજેટ ગણતરીની મીનીટોમાં પાસ કરી દેવાયુ

સામાન્ય રીતે બજેટની કામગીરી સરકારના હિસાબ વિભાગના અધિકારીઓ દ્વારા તૈયાર કરવામાં આવે છે. જેને લોકશાહીના સિદ્ધાંતો મુજબ સત્તાધારી પક્ષના પ્રમુખ, સભ્યો અને વિપક્ષના સભ્યોની હાજરીમાં રજુ કરવામાં આવે છે. ત્યારે સામાન્ય સભામાં ઉપસ્થિત રહેલા સભ્યોને જાણે કે ખુરશીનો મોહ હોય તેમ આવીને બેસી જાય છે. પરંતુ કમ નસીબે તેઓ કઈ પ્રશ્ન કે ચર્ચા કરતા નથી. જેના કારણે સરકારી અધિકારીઓને ભ્રષ્ટાચાર કરવા માટે મોકળુ મેદાન મળી જાય છે. કારણ કે આખરે તો કોઈ પણ વિકાસ કામની પાછળ નાણાં ચુકવવાની સત્તા અધિકારીઓ પાસે હોય છે. તેથી જ મંગળવારે જિલ્લા પંચાયતના કરોડો રૂપિયાના બજેટને સભ્યોએ ગણતરીની મીનીટોમાં પાસ કરીને તાળીઓ પાડી મંજુરીની મ્હોર મારી દીધી હતી.

બાકરપુરના યુવાનોને ઓસ્ટ્રેલીયા મોકલવાના બહાને ૪૮ લાખની ઠગાઈ

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં રહેતા ત્રણ શખ્સોએ વીસનગર તાલુકાના બાકરપુર ગામના ત્રણ યુવાનોને બે વર્ષ અગાઉ ઓસ્ટ્રેલીયા મોકલવાના બહાને તેમની પાસેથી રૂ. ૪૮ લાખ લઈ ખોટા વિઝા બનાવી આપ્યા હતા. જેથી આ ત્રણેય યુવાનોએ અમદાવાદ એરપોર્ટ પરથી પરત આવવુ પડ્યું હતું. જે સંદર્ભે બાકરપુરના યુવાને ત્રણ જણા વિરૂદ્ધ સોમવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે બાકરપુર ગામના પટેલવાસમાં રહેતા પીયુષભાઈ દિનેશભાઈ શોભાસણીયા(પટેલ)એ જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૨થી ગત તા. ૨ માર્ચ ૨૦૧૮ દરમિયાન પીયુષભાઈ પટેલ, પીન્ટુભાઈ તથા હિરેનભાઈ પાસેથી મળી રૂ. ૪૮ લાખ ઓસ્ટ્રેલીયા જવા માટે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ સુંદરવન સોસાયટીમાં મનસુરી અબ્દુલસતાર મુનશી (મૂળ રહે. હાટકેશ્વર, મીરારોડ, મુંબઈ), સંદિપકુમાર ગણપતભાઈ બારોટ, જીજ્ઞાસાબેન સંદિપકુમાર બારોટને આપ્યા હતા. ત્યારબાદ આ ત્રણેય જણાએ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી બાકરપુરના ત્રણેય યુવાનોને ઓસ્ટ્રેલીયા જવા માટે ખોટા વિઝા બનાવીને પધરાવી દીધા હતા.

વિજયનગર તાલુકાના અંદ્રોખા પાસે તાજેતરમાં થયેલા ટ્રક અને જીપ વચ્ચેના અકસ્માતમાં જાન ગુમાવનાર આઠ મૃતકોના પરિવારોને મદદરૂપ થવા માટે મંગળવારે મુખ્યમંત્રીએ ગાંધીનગર ખાતે તેમના વારસદારોને મુખ્યમંત્રીના રાહતનિધિમાંથી પ્રત્યેકને રૂ. ૪ લાખ લેખે કુલ રૂ. ૩૨ લાખની સહાય આપવામાં આવી હતી. આ પ્રસંગે ડીઝાસ્ટર મામલતદાર કાનન શાહ તથા પૂર્વ ધારાસભ્ય રમીલાબેન બારા ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગર માર્કેટયાર્ડમાં ઘઉંના ભાવના પ્રશ્ને ખેડૂતોનો હોબાળો

હરાજીમાં ઘઉંનો ભાવ ૩૧૦ થી શરૂ કરાતા ખેડૂતો વિફર્યા : આખો દિવસ હરાજીનું કામ મુલત્વી રખાયુ

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોએ આગોતર વાવેતર કરેલ ઘઉં તૈયાર થઈ જતા તેને વેચવા માટે ગામડાઓમાંથી ખેડૂતો રોજબરોજ હિંમતનગર માર્કેટયાર્ડમાં આવે છે. જો કે સરકારે ઘઉનો ટેકાનો ભાવ પ્રતિ ૨૦ કિલોના રૂ. ૩૪૭ જાહેર કર્યો છે. તેમ છતાં મંગળવારે હિંમતનગર માર્કેટયાર્ડમાં હરાજી શરૂ થતા વેપારીઓએ ઘઉંનો ભાવ રૂ. ૩૧૦થી શરૂ કરાતા ખેડૂતો વિફર્યા હતા. જેથી તરત જ હરાજીનું કામ બંધ કરી દેવામાં આવ્યું હતું. જેથી આખો દિવસ ઘઉંની ખરીદી થઈ શકી ન હતી.

આ અંગે હિંમતનગર તાલુકાના ઘઉં વેચવા આવેલા ખેડૂતોએ જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા ઘઉંનો ટેકાનો ભાવ પ્રતિ ૨૦ કિલોના રૂ. ૩૪૭ જાહેર કરવામાં આવ્યો હોવા છતાં હિંમતનગર માર્કેટયાર્ડમાં ઉપરાંત અન્ય સ્થળે છેલ્લા કેટલાક દિવસથી ઘઉંની ખરીદી રૂ. ૩૦૦ની આસપાસના ભાવથી કરવામાં આવી રહી છે. વેપારીઓ દ્વારા ચલાવાઈ રહેલી મનમાનીને કારણે ખેડૂતોને આર્થીક નુકશાન થઈ રહ્યુ હોવા છતાં વહીવટીતંત્ર કે રાજકારણીઓને જાણે કે ખેડૂતોની કંઈ જ પડી નથી તેવી છાપ ઉપસી રહી છે. દરમ્યાન મંગળવારે હિંમતનગર માર્કેટયાર્ડમાં વહેલી સવારે ટ્રેક્ટર તથા અન્ય વાહનોમાં ઘઉં વેચવા આવેલા ખેડૂતો હરાજીની રાહ જોઈને બેઠા હતા. પરંતુ હરાજી શરૂ થતાની સાથે જ વેપારીઓએ ઘઉંનો ભાવ રૂ. ૩૧૦ થી શરૂ કરાતા ખેડૂતો ખીજાયા હતા. ત્યારબાદ ખેડૂતોએ હોબાળો મચાવી દેતા માર્કેટયાર્ડમાં અફડાતફડી મચી જવા પામી હતી. તેમ છતાં ખેડૂતો શાંત ન થતા આખરે ઘઉંની હરાજીનું કામ બંધ રાખવાની ફરજ પડી હતી. ખેડૂતોની માંગણી છે કે સરકારે જાહેર કરેલા ટેકાના ભાવથી જિલ્લાના તમામ માર્કેટયાર્ડમાં ઘઉંની હરાજી શરૂ થવી જોઈએ. અને સરકારે પણ આ અંગે વેપારીઓને તાકીદ કરી ઓછા ભાવે ઘઉં ન ખરીદવા માટે કડક ભાષામાં આદેશ કરવા જોઈએ.

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર થરાદ દ્વારા કૃષિ ઉન્નતિ મેળો-૨૦૧૮ અને કૃષિ ગોષ્ઠિ યોજાઈ

દાંતીવાડા, તા. ૨૦

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર થરાદ દ્વારા શિહોરી કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે કૃષિ ઉન્નતિ મેળો-૨૦૧૮ અને કૃષિ ગોષ્ઠિ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ૨૨૫ જેટલા ખેડૂતો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કાંકરેજના ધારાસભ્ય કિર્તિસિંહજી વાઘેલાએ જણાવ્યું હતું કે ખેડૂતોએ કૃષિમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવી વધુ ઉત્પાદન માટે પ્રયત્નો શરૂ કરવા જોઈએ. હજુ પણ ખેતીમાં વિજ્ઞાન આવશે તો ખેડૂતોની આવક વધશે. આજે આપણા જ ખેડૂતો વિકમી ખેતી ઉત્પાદન મેળવી દેશને સ્વાલંબી બનાવેલ છે. તે વિજ્ઞાનને આભારી છે તેમ જણાવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં દાંતીવાડા યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. કે.એ. ઠક્કર, સંશોધન વૈજ્ઞાનિક એ.જી. દેસાઈ, તથા પ્રવિણભાઈ પટેલ તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર થરાદના વડા ડૉ. વી.પી. પટેલે પ્રાસંગિક ઉદબોધન કરેલ હતુ. વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને દિવેલા, જીરૂ, ઘઉં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને તેમના ખેતી પ્રશ્નોનું સમાધાન કરવામાં આવેલ હતુ.

આ પ્રસંગે દિલ્હી ખાતે આયોજીત કૃષિ ઉન્નતિ મેળા-૨૦૨૮ના ઉદ્‌ઘાટન સમારંભનું લાઈવ ટેલીકાસ્ટ પ્રોગ્રામ ખેડૂતોને બતાવવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીએ ખેડૂતો માટેની વિવિધ યોજનાઓ અને મીનીમમ સ્પોર્ટ પ્રાઈસ અંગે ખેડૂતોને આશ્વત કરેલ હતા અને ખેડૂતોને આ ભાવો મળશે તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સાથે દેશના કૃષિ ઉત્પાદનમાં ખેડૂતોના યોગદાનને બિરદાવેલ. આ પ્રસંગે ખેડૂતો, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કૃષિ સંશોધન કેન્દ્ર શિહોરીના વૈજ્ઞાનીક તથા બનાસકાંઠાના તાંત્રિક સ્ટાફ રીલાયન્સ ફાઉન્ડેશનના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક પી.એસ. રબારી, આર.એન. પટેલ અને જયદીપભાઈએ કર્યુ હતુ.

પાલનપુર ખાતે પી.સી. પી. એન. ડી. ટી. સમિતિની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૨૦

પાલનપુર મુકામે કલેકટર દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને પી.સી. પી.એન.ડી.ટી. એડવાઈઝરી સમિતિની બેઠક

યોજાઈ હતી. જેમાં બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ મહિનામાં પી.સી. પી.એન.ડી.ટી. અંતર્ગત કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં પીસી પીએનડીટી એક્ટ સેકશન ૩૦(૧) અન્વયે તા.૭ માર્ચના રોજ ડીસા શહેરના તબીબ ડૉ.અંકિત કેલા, ઓમ કેલા હોસ્પીટલ અને ડૉ. જીગ્નેશ પટેલ, ક્રિષ્ના હોસ્પીટલ ડીસાને સેકશન ૨૦(૧) હેઠળ નોટીસ પાઠવવામાં આવી હતી તેનો જવાબ રજુ કરવા જણાવ્યું હતું. અને આ બંને ડૉકટરો સામે શું કાર્યવાહી કરવી તેની ચર્ચા કરવામાં આવી હતી.

સોનોગ્રાફી મશીનના નવા રજીસ્ટ્રેશન માટે આવેલ ૨ અરજીઓને મંજુરી આપવામાં આવી હતી અને ૪ સોનોગ્રાફી મશીનની રીન્યુઅલ અરજીઓ સંદર્ભે તેને રિન્યુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જયારે ડૉ. મહેશ શીંદે, ભારતી એન્ડ મેટરનીટી હોસ્પીટલ ડીસાની કેન્સલ રજીસ્ટ્રેશનની અરજી અન્વયે તેમનું સોનોગ્રાફી મશીન રજીસ્ટ્રેશન કેન્સલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અરૂણ આચાર્યએ જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લામાં રજીસ્ટ્રેશન થયેલ સોનોગ્રાફી સેન્ટરોમાં ગાયનેક ડૉકટરો ધ્વારા સોનોગ્રાફી કરવામાં આવે છે. આ તમામ સેન્ટરોની તાલુકા હેલ્થ ઓફિસરો દ્વારા સમયાંતરે મુલાકાત લઈ નિયમિત ચેકીંગ કરવામાં આવે છે.

બેઠકમાં સમિતિના સભ્યો સર્વશ્રી દોલતપુરી ગૌસ્વામી, નિવાસી અધિક કલેકટર એલ.બી. બાંભણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વિપુલભાઈ મહેતા, પિડીયાટ્રીશન ડૉ. હિના હસન પટેલ, પેથોલોજીસ્ટ ડૉ. હેમાબેન પટેલ, ગાયનેકોલોજીસ્ટ ડૉ. મધુસુદન ગઢવી, સરકારી વકીલ વિપુલ કંસારા, તાલુકા હેલ્થ ઓફિસરો સહિત આરોગ્ય કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાસરીયા પગાર કેન્દ્ર શાળાના આચાર્ય એસીબીના છટકામાં ઝડપાયા

ભાસરીયા પગાર કેન્દ્ર શાળાના આચાર્ય સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ આપવા માટે રૂ.૩૦૦ની લાંચ માંગી હતી. જે ફરીયાદના આધારે એ.સી.બી. પોલીસ સ્ટેશને ૮ માર્ચ ૨૦૧૮ના રોજ ભાસરીયા પગાર કેન્દ્ર શાળા ખાતે છટકું ગોઠવી લાંચ લેતા ઝડપી પાડ્યા હતા. આરોપી અંકિતકુમાર બી. પટેલ વિરૂધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ની કલમ ૭,૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) મુજબની જોગવાઈ હેઠળ મહેસાણા એ.સી.બી પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરી ૮ માર્ચના રોજ સાંજે ૧૯ કલાકે અટક કરવામાં આવી હતી.

મોડાસામાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે પક્ષીઓ માટે યુવાનોએ ૬૦૦ માળા અને ૪૦૦ કુંડા લગાવ્યા

મોડાસા, તા. ૨૦

૨૦ માર્ચ એટલે ચકલી દિવસ. આજના આધુનિક યુગમાં ઘરઆંગણે ચીંચી કરતી ચકલી તેના અસ્તિત્વ માટે ઝઝુમી રહી છે. ત્યારે મોડાસા તાલુકાના ખંભીસરમાં ચકલીઓ સહિતના પક્ષીઓનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે છેલ્લા ૭ વર્ષથી અનોખુ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ખંભીસરના યુવાનોના ટીમ ખંભીસર નામથી ચાલતા સંગઠન દ્વારા વર્ષ દરમ્યાનની પોકેટમનિમાંથી બચત કરી ઉનાળાના પ્રારંભમાં ઘરે ઘરે માળા અને કુંડા લગાવામાં આવે છે. માનવજાતિની આંધળી દોટના કારણે પશુ પક્ષીઓનું અસ્તિત્વ જોખમમાં આવી ગયું છે. ત્યારે પક્ષીઓને વર્ષ દરમ્યાન પીવાનું પાણી, રહેવા માળો અને ચણની વ્યવસ્થા માટે ખંભીસરના યુવાનો દ્વારા દર વર્ષે ઉનાળાની શરૂઆતમાં માળા અને કુંડાનું આયોજન કરવામાં આવે છે.

સાત વર્ષથી ચાલતા અભિયાનમાં ગામલોકો દ્વારા વર્ષ દરમ્યાન યુવાનો દ્વારા લગાવવામાં આવેલા માળા અને કુંડાનું જતન કરવામાં આવે છે તેમજ નિયમિત ધોરણે પાણી, ચણ ભરવાનું કામ કરવામાં આવે છે. ખંભીસર ગામમાં ઘરદીઠ અને ગામની સીમ તેમજ પક્ષીઓની અવરજવર રહેતી હોય ત્યાં દરેક જગ્યાએ યુવાનો દ્વારા કુંડા અને માળા મુકવામાં આવે છે. પશુ પંખી અને પર્યાવરણની સાચવણીને પોતાની નૈતિક ફરજ સમજીને ખંભીસરના યુવાનોએ ચકલી દિવસ નિમિત્તે પોતાના પોકેટમનીમાંથી બચત કરી છેલ્લા સાત વર્ષથી ઉમદા કાર્ય કરી રહ્યા છે ત્યારે ચાલુ વર્ષે પક્ષીઓ માટે ૬૦૦ માળા અને ૪૦૦ કુંડા ગામમાં લગાવામાં આવ્યા છે.

પાલનપુર આઈટીઆઈ ખાતે એપ્રેન્ટીસ એક્ટ અંગે જાગરૂતા સેમિનાર યોજાશે

પાલનપુર, તા. ૨૦

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પાલનપુર અને ઔધોગિક તાલીમ સંસ્થા, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૨૬-૩-૨૦૧૮ના રોજ સવારે-૧૧ કલાકે બનાસકાંઠા જિલ્લાના ખાનગી અને જાહેરક્ષેત્રના એકમો તેમજ એપ્રેન્ટિસ તરીકે જોડાવા ઈચ્છતા ઉમેદવારો માટે એપ્રેન્ટિસ એક્ટ-૧૯૬૧ અંતર્ગત જાગરૂતા સેમિનારનું આયોજન કોન્ફરન્સ રૂમ, વર્કશોપ-૩, આઈ.ટી.આઈ, ડેરી રોડ, પાલનપુર ખાતે કરેવામાં આવેલ છે. આ સેમિનારમાં જિલ્લાના ઔધોગિક અને વ્યાપારી એકમોના પ્રતિનિધિઓ, વિવિધ એસોસિએશનના હોદ્દેદારોને સમયસર સેમિનારના સ્થળે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

આ સેમિનારમાં કોઈ પ્રવેશ ફી રાખેલ નથી. વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરી ભાગ લેવા બનાસકાંઠા જિલ્લા રોજગાર અધિકારીશ્રી બનાસકાંઠા દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

અંબાજી ખાતે ૨ ઉમીએ અંબાજી મુકામે અંબાજી મહોત્સવ યોજાશે

રમત ગમત અને યુવક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે તા.૨૩-૩-૨૦૧૮, શુક્રવારના રોજ સાંજે- ૭.૩૦ વાગે અંબાજી મંદિરના ચાચર ચોકમાં અંબાજી મહોત્સવ યોજાશે. આ મહોત્સવમાં છ જેટલાં ગ્રૂપોના કલાકારો ભવ્ય સાંસ્કૃતિ કાર્યક્રમો રજુ કરશે. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં માતાજીનો ગરબો, સ્તુતિ, રાસ, કલાસીકલ ડાન્સ, સેમી કલાસીકલ ડાન્સ વગેરે જેવા કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમને માણવા અંબાજી પધારવા જિલ્લા રમત ગમત અધિકારી મુકેશભાઈ ઘોયાએ જણાવ્યું છે.

મહેસાણામાં રામનવમી શોભાયાત્રાના પગલે ૨૫ માર્ચે ડાયવર્ઝન અપાયું

મહેસાણા શહેરમાં ૨૫ માર્ચ ૨૦૧૮ના રોજ ૩૭મી રામનવમી શોભાયાત્રા ૧૩.૩૦ વાગે તોરણવાળી માતાના ચોકમાંથી નીકળી રેલ્વે સ્ટેશન, ફુવારા, રાજમહેલ રોડ, નવા ફુવારા, જુના ફુવારા, વર્કશોપ રોડ, બી.કે સિનેમા ચોક, ભમ્મરીયા નાળા, રબારી વાસ, કરબા, ઉંચી શેરી, પટવા પોળી, આઝાદ ચોક થઈ તોરણવાળી માતાના ચોકમાં પુર્ણ થનાર છે. આ યાત્રામાં રથ, ઉંટલારી, મેટાડોર, બેન્ડ બાજા, ભજન મંડળીઓ વિગેરે જોડાય છે. આ યાત્રામાં ૨૦ હજારથી વધુ દર્શનાર્થીઓ જોડાય છે. આ યાત્રાને પગલે કાયદો અને વ્યવસ્થાની સુખાકારી સગવડ મળી રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ આ દિવસે ડાયવર્ઝનના આદેશ આપેલ છે.